વજન ઘટાડો
28 દિવસમાં 7 થી 10 કિલો
હિપ્સ પેટમાં 5 થી 7 ઈંચ
FRESHIYA

ગુજરાત સમાચાર
Sundayplus
28 July, 2019
For more News Click » www.gujaratsamachar.com

RAKHI @ SP.RATE
પરદેશ પાર્સલ સર્વિસ
CHIPS EXPRESS PVT. LTD.
Ph. 079-26300326-26303070
M. 9898429666-9898905632

## IIT ગાંધીનગર ખાતે 8મો પદવીદાન સમારોહ યોજાયો

# નાના વિચારથી શરૂ કરીને પોતાની કારકિર્દી આગળ વધારવી જોઈએ

ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી (આઇઆઇટી)ગાંધીનગર ખાતે યોજાયેલા ૮માં પદવીદાન સમારોહ યોજાયો. ચીફ ગેસ્ટ તરીકે ઉપસ્થિત રહેલા પિરામલ ગ્રુપના વાઇસ ચેરપર્સન સ્વાતિ પિરામલે તેમના વકતવ્યમાં કહ્યું કે, આરોગ્ય અને વિજ્ઞાન, પબ્લિક પોલિસીને લગતા નવા ઇનોવેશન સ્ટુડન્ટસે તૈયાર કરવા જોઇએ. સ્પર્ધાત્મક સમયમાં દરેક સ્ટુડન્ટસ પોતાના એજ્યુકેશનમાં સતત વધારો કરતો રહ્યો છે જે જરૂરી છે. સ્ટડીની સાથે જીવનમાં આવતી વિવિધ મુશ્કેલીઓનો નીડરતાથી સામનો કરવો જોઇએ તેમજ નાના વિચારથી શરૂ કરીને પોતાની કારકિર્દી આગળ વધારીને લીડરશીપનો ગુણ કેળવવો જોઇએ.

આઇઆઇટીના ઇન્ચાર્જ ડાયરેક્ટર પ્રો.અમિત પ્રશાંતે કહ્યું કે, સ્ટુડન્ટસનો સ્ટડીની સાથે દરેક ક્ષેત્રનો વિકાસ થાય તે જરૂરી છે. કેમ્પસમાં હેલ્થ, ફાયરસેફ્ટી જેવા વિષયોનું જ્ઞાન અપાય છે.

૧૪૫ બી.ટેક, ૮૯ એમએસસી, ૨૧ એમ.એ, ૨ બી.ટેક-એમ ટેક ડ્યુઅલ ડિગ્રી, ૧ બી.ટેક-એમએસસી- ડ્યુઅલ ડિગ્રી, ૧૦૫ એમ.ટેક, ૨૭ પી.એચડી ડિગ્રી, ૭ પીજીડીઆઇઆઇટી ડિપ્લોમાં સાથે મળીને ૩૯૪ સ્ટુડન્ટસને ડિગ્રી આપવામાં આવી હતી તેમજ ૫૪ મેડલ એનાયત કરવામાં આવ્યા હતા. જેમાં રાજેશ ઘોષને ૩ ગોલ્ડ, કીમતી મનાવા ૨ ગોલ્ડ, અનુષા કામતને ૨ ગોલ્ડ સાથે ઇન્સ્ટિટ્યુટ, ડિરેક્ટર અને સોશિયલ સર્વિસનો મોડલ સાથે કુલ પાંચ મેડલ મળ્યા હતા.



**Title:** 8th Convocation ceremony held at IITGN
**Source:** Gujarat Samachar (Plus, Pg. No. 01)
**Link:** http://gujaratsamacharepaper.com/nd/gsnews2.php?pageid=GUJARAT_GSP_20190728_1
**Date:** 28/07/2019